# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-03-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

- રાજ્યના વિવિધ જિલ્લાઓમાં લોકસભા ચૂંટણી અંતર્ગત મતદાન જાગૃતિ માટે અનેક કાર્યક્રમો યોજાયા.
- ચૂંટણીપંચ દ્વારા મતદાનમાં નાગરિકો ઉત્સાહભેર ભાગ લે તે માટે વિવિધ સુવિધાપૂર્ણ નવતર પ્રકલ્પો શરૂ કરાયા- 1950 મતદાર હેલ્પલાઇન કાર્યરત.
- રાજ્યભરમાં આજે મુખ્યમંત્રી જ્ઞાન સાધના પરીક્ષા અને કોમન એન્ટરન્સ ટેસ્ટ યોજાઇ.
- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દેશ અને વિદેશમાં વસતા નાગરિકોને, ખાસ કરીને ખ્રિસ્તીઓને ઈસ્ટરની પૂર્વ સંધ્યાએ શુભેચ્છા પાઠવી.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ક્રાંતિકારી સ્વાતંત્ર્ય સેનાની શ્યામજી કૃષ્ણ વર્માની તેમની પુણ્યતિથિ ઉપર શ્રદ્ધાંજલી પાઠવી.

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# MATDAN JAGRUTI - 1

રાજ્યમાં વિવિધ જિલ્લાઓમાં લોકસભા ચૂંટણી અંતર્ગત મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.

લોકસભા સામાન્ય ચૂંટણી-2024 માટે સાબરકાંઠામાં I VOTE FOR SURE " નો સંદેશો પેથાપુર પ્રાથમિક શાળાના બાળકો દ્વારા પાઠવવામાં આવ્યો છે.

સાબરકાંઠા જિલ્લામાં લોસસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ સંદર્ભે જિલ્લા ચૂંટણી અધિકારી નૈમેષ દવેના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં મતદાન જાગૃતિના અભિયાન અંતર્ગત વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે.જે અંતર્ગત હિંમતનગર વિધાનસભા મત વિસ્તારમાં પેથાપુર પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા મતદાન જાગૃતિ અંગેનો સંદેશો પાઠવવામાં આવ્યો હતો. સાબરકાંઠા જિલ્લામા ચૂંટણી અધિકારી નૈમેષ દવેની અધ્યક્ષતામાં પોસ્ટલ બેલેટની કામગીરી અંગે બેઠક કલેક્ટર કચેરી સભાખંડ ખાતે યોજાઇ હતી. આ બેઠકમાં ચૂંટણીમાં ફરજ પર રહેનારા ગૃહ વિભાગના પોલીસ SRP, હોમગાર્ડસ અને જી.આર.ડી અને ટ્રાફિક ટી.આર.પી.ના જવાનો સહિત અધિકારી કર્મચારીઓ ચૂંટણી પંચની સુચના મુજબ પોસ્ટર બેલેટથી મતદાન દ્વારા તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે પોસ્ટલ બેલેટની વ્યવસ્થા ગોઠવવામાં આવે છે. જે અંતર્ગત અધિકારીઓ અને કર્મચારીઓને આગામી સમયમાં કરવાની થતી પોસ્ટલ બેલેટની કામગીરી અને તાલીમ અંગે બેઠક યોજાઇ હતી. જેમાં ચૂંટણી પંચ દ્વારા પોસ્ટલ બેલેટની કામગીરી અંગેની ગાઇડ લાઇન અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા.

કચ્છ જિલ્લામાં મતદાન જાગૃતિ માટે 'સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન (SVEEP) અંતર્ગત કચ્છ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષાના અંતિમ દિવસે તમામ પરીક્ષા કેન્દ્રો પર મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# MATDAN JAGRUTI – 2

પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓને ચૂંટણી પ્રક્રિયા વિષયક માગદર્શન આપીને મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

અમરેલી જિલ્લાની લોકસભા બેઠકની સામાન્ય ચૂંટણીનું મતદાન ૭ મે,ના રોજ યોજાશે, અને મતગણતરી ૪ જૂને થવાનું છે ત્યારે ભારતના ચૂંટણી પંચના 'સુગમ ચૂંટણી'ના અભિગમ હેઠળ જિલ્લામાં વિશેષ મતદાન મથકોની રચના કરવામાં આવશે. વિધાનસભા મતદાર વિભાગ ખાતે એક-એક અને અમરેલી જિલ્લામા દિવ્યાંગ સંચાલિત ૭ મતદાન મથકની રચના થશે, જેમાં સિક્યુરિટી સ્ટાફ સિવાયના તમામ કર્મચારીઓ દિવ્યાંગ રહેશે. જિલ્લામાં ૪૯ મતદાન મથકો મહિલા સંચાલિત હશે, કુલ ૭ આદર્શ મતદાન મથક બનાવવામાં આવશે.

જામનગર જિલ્લામાં જિલ્લા ચૂંટણી તંત્રના માર્ગદર્શન હેઠળ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા સ્વીપ એક્ટીવીટી અંતર્ગત વિવિધ આયોજનો કરાયા છે., જેમાં વકતૃત્વ સ્પર્ધા , ક્વીઝ સ્પર્ધા, અને સિગ્નેચર કેમ્પેઇનના માધ્યમથી મતદાન જાગૃતિ અંગેનું અભિયાન હાથ ધરાયું છે.

. . . . . . . . . . . . . . . . .

# ELECTION - HELPLINE NUMBER

લોકશાહી ચૂંટણી દરમિયાન મતદાનમાં નાગરિકો ઉત્સાહભેર ભાગ લે તે માટે ચૂંટણીપંચ દ્વારા વિવિધ સુવિધાપૂર્ણ  નવતર પ્રકલ્પો શરૂ કરાયા છે. આવો જ એક પ્રકલ્પ છે 1950 વોટર્સ હેલ્પલાઇન.

આ 1950 હેલ્પલાઇન દ્વારા  સુરતીઓને માર્ગદર્શન મળી રહ્યું છે, અને અત્યાર સુધીમાં એક હજાર 50 થી વધુ ફોન કોલ દ્વારા નાગરિકે તેમની સમસ્યાનું સંતોષકારક સમાધાન મળ્યું છે.

1950 હેલ્પલાઇન દ્વારા શહેર જિલ્લાના નાગરિકોને મૂંઝવતા પ્રશ્નોના જવાબ આપવા કલેક્ટર કચેરી ખાતે અલાયદુ યુનિટ 24 કલાક કાર્યરત કરાયું છે. જેના માધ્યમથી ચૂંટણી કાર્ડ અને મતદાન યાદી સહિતના નાગરિકોને મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરાયું છે.

------------

# TAPI- MATDAN JAGRUTI

લોકસભાની ચૂંટણી જાહેર થતાની સાથે જ ઉમેદવારો દ્વારા પ્રચાર પૂરજોશથી શરૂ કરી દેવાયો છે.

તાપી જિલ્લાના બારડોલી લોકસભા બેઠક પરના કોંગ્રેસ અને ભાજપ એમ બંને પક્ષોના ઉમેદવારો કાર્યકર્તાઓ સાથે ઘરે-ઘરે ફરીને લોકસંપર્ક કરી રહ્યા છે. દરમિયાન ડોલવણ તાલુકાના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર પ્રભુ વસાવાએ

પોતાના લોકસંપર્કમાં ઉપસ્થિતોને વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓની માહિતી આપી હતી.

તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકાના નાગરિકોમાં મતદાન અંગે જાગૃતિ કેળવાય તે માટે સાર્વજનિક હાઇસ્કુલ ઉચ્છલ ખાતે સિગ્નેચર કેમ્પેઇનનું આયોજન કરાયું હતું. જ્ઞાન સેતુ અને જ્ઞાન સાધના પરીક્ષા શરૂ થાય તે પહેલા આ કેમ્પેઇનનું આયોજન કરાયું હતું. જેમાં મોટી સંખ્યામાં શાળા કર્મચારીઓ અને વાલીઓએ ભાગ લીધો હતો.

-------------------

## VADODARA – MATDAN JAGRUTI

વડોદરા શહેર અને જિલ્લાની શાળાઓમાં સ્વીપ હેઠળ વિવિધ મતદાન જાગૃતિના કાર્યક્રમો યોજાયા. લોકશાહીના આ મહાપર્વમાં મતદારો મહત્તમ મતદાન કરે તે માટે તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું. જેમાં મતદાન અંગે રેલી, વકતૃત્વ સ્પર્ધા અને રંગોળી સ્પર્ધા  જેવા કાર્યક્રમો યોજાયા.

આગામી પહેલી એપ્રિલથી ચોથી મે સુધી ડ્રામા કોમ્પિટીશન, વાર્તાલાપ, સેલ્ફી પોઇન્ટ, ચિત્ર-વકતૃત્વ સ્પર્ધા, બાઇક રેલી, સાયકલરેલી અને મતદાન જાગૃતિ રેલીના વિવિધ કાર્યક્રમો યોજાશે.

-----------

## GNANA SETU, GNANA SADHANA EXAM

રાજ્યની સરકારી, ગ્રાન્ટેડ અને આર.ટી.ઇમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની આજે જાહેર પરીક્ષા યોજાઇ. જેમાં જ્ઞાન શક્તિ, રક્ષા શક્તિ અને મોડેલ સ્કુલમાં પ્રવેશ માટે અંદાજિત 7 લાખ વિદ્યાર્થીઓનું ગુલાબના ફુલ આપી સ્વાગત કરાયું.

સરકારી તથા અનુદાનિત શાળાઓ, પસંદગીની સ્વનિર્ભર શાળાઓ ધોરણે 9થી 12 ના વિદ્યાર્થીઓના શિક્ષણ માટેની મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશિપ પરીક્ષા તેમજ સરકારી-ગ્રાન્ટ ઇન એઇડ સ્કૂલોમાં ધોરણ 6થી 12 સુધીના અભ્યાસ માટેની વિવિધ સ્કોલશિપની કોમન એન્ટ્રન્સ ટેસ્ટ આજે યોજાઇ.

જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશિપ પરીક્ષા માટે આ વર્ષે 6 લાખ 02 હજાર 586 વિદ્યાર્થી નોંધાયા છે. જ્યારે કોમન એન્ટ્રન્સ ટેસ્ટ માટે આ વર્ષે 7 લાખ 12 હજાર 739 વિદ્યાર્થીઓ નોંધાયા છે.

રાજ્ય પરીક્ષા બોર્ડનાં સૂત્રોના જણાવ્યા પ્રમાણે આજે સવારે 10.30થી બપોરે એક વાગ્યા દરમિયાન સીઈટી, જ્યારે બપોરે 3થી 5.30 દરમિયાન જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશિપ પરીક્ષા યોજાઇ. આ પરીક્ષાનું પરિણામ એપ્રિલના અંત સુધીમાં જાહેર કરાશે.

અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત સહિતનાં 30 જિલ્લાઓમાં આ પરીક્ષા યોજાશે. અમદાવાદમાં મુખ્યમંત્રી જ્ઞાન સાધના સ્કોલરશિપ યોજના માટે 40 હજાર 557 વિદ્યાર્થીઓ નોંધાયા છે. જ્યારે અમદાવાદમાં કોમન એન્ટ્રન્સ ટેસ્ટ માટે 48 હજાર 765 વિદ્યાર્થીઓ નોંધાયા છે.

દરમિયાન સાબરકાંઠા જિલ્લામાં કોમન એન્ટરન્સ ટેસ્ટ અને મુખ્યમંત્રી જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઇ બે વિભાગમાં આ પરીક્ષાઓ યોજાઇ હતી.

**જેમાં CET - 2024 માં 85 કેન્દ્રો ઉપર કુલ 19 હજાર 739 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી, જ્યારે મુખ્યમંત્રી જ્ઞાન સાધના સ્કોલરશીપ 2024 પરીક્ષા 81 કેન્દ્રો ઉપર યોજાઇ હતી., જેમાં 15 હજાર 902 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી.**

.................

## PRESIDENT – EASTER DAY

આવતીકાલે ઇસ્ટર ડે છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દેશ અને વિદેશમાં વસતા નાગરિકોને, ખાસ કરીને ખ્રિસ્તીઓને ઈસ્ટરની પૂર્વ સંધ્યાએ શુભેચ્છા પાઠવી છે. તેમના સંદેશમાં તેમણે જણાવ્યું હતું કે આ તહેવાર ઈસુ ખ્રિસ્તના પુનરુત્થાનની ઉજવણીને ચિહ્નિત કરે છે, જે પ્રેમ અને કરુણાનું પ્રતીક છે. રાષ્ટ્રપતિએ કહ્યું, કે ઇસ્ટર એવો સંદેશ આપે છે કે સત્ય શાશ્વત છે અને દરેકને બલિદાન અને ક્ષમાનો માર્ગ બતાવે છે. તેમણે જણાવ્યું હતું કે ઈસુ ખ્રિસ્તના ઉપદેશો આપણને શાંતિ અને સંવાદિતાના માર્ગ પર માર્ગદર્શન આપે છે.

.................

## PM - PANDIT SYAMJI VARMA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ક્રાંતિકારી સ્વાતંત્ર્ય સેનાની શ્યામજી કૃષ્ણ વર્માની તેમની પુણ્યતિથિ ઉપર શ્રદ્ધાંજલી પાઠવી છે.

સોશિયલ મિડીયાના માધ્યમથી શ્રી મોદીએ ભારતીય સ્વતંત્રતા ચળવળના અદમ્ય નેતા, તેમની અદમ્ય ભાવના અને સ્વતંત્રતાના હેતુ માટેની તેમની પ્રતિબદ્ધતાને ક્યારેય ભુલી શકાશે નહીં તેમ જણાવ્યું હતું.

પંડિત શ્યામજી કૃષ્ણ વર્માની પુણ્યતિથિ નિમિત્તે કચ્છ યુનિવર્સિટીના કુલપતિ ડો. મોહન પટેલની અધ્યક્ષતામાં પુષ્પાંજલી કાર્યક્રમ યોજાયો હતો, જેમાં મોટી સંખ્યામાં કચ્છ યુનિવર્સિટીના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ હાજર રહ્યા હતા.

------------